બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
સત્સંગ શિક્ષણ પરીક્ષા

ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ

પ્રશ્નપત્ર-૧

(સમય : સવારે ૯ થી ૧૨) રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦ કુલ ગુણ : ૧૦૦

અભ્યાસક્રમના વચનામૃત : લોયા ૫, ૬, ૧૨, ૧૭ વરતાલ : ૩, ૫, ૧૧ ગઢડા અંત્ય પ્રકરણ : ૨, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૨૧, ૨૬, ૩૮, ૩૯

(વિભાગઃ ૧ 'વચનામૃત' ને આધારે)

પ્ર.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)

☞ નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.

૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોના કીર્તન / શ્લોક અથવા સાખી — ૧ ગુણ
૨. શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ — ૧ ગુણ
૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા આપણા અન્ય શાસ્ત્રોનાં પ્રમાણ અથવા ગુરુપરંપરાનાં કીર્તનો - સાખી. — ૧ ગુણ
૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. — ૩ ગુણ
૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. — ૧ ગુણ
૬. આપનો નિર્ણય આખરી ગણાશે.

૧. મુંબઈના ગવર્નરના દૃષ્ટાંતે સંતનું માહાત્મ્ય. (લો. ૧૭)

જ. જેમ મુંબઈનો ગવર્નર સાહેબ ખુરશી નાંખીને બેઠો હોય ને તેની સભામાં કોઈ ગરીબ માણસ જાય ને તેને ખુરશી ન નાંખી દે ને આદર કોઈ ન કરે, ત્યારે કાંઈ એને તે ઈંગ્રેજ ઉપર ધોખો થાય છે ? ને કાંઈ તેને ગાળ દીધાનું મનમાં થાય છે ? લેશમાત્ર પણ થતું નથી. શા માટે જે, એ ઈંગ્રેજની મોટાઈ જાણી છે જે, 'એ તો મુલકનો પાદશાહ છે ને હું તો કંગાલ છું.' એવું જાણીને ધોખો થાય નહી.. તેમ જો સંતની મોટાઈ જાણી હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તો પણ ધોખો થાય નહીં અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ તો કોઈ રીતે લે જ નહીં. માટે જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે અને જેને માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહીં.'

૨. સત્સંગમાં દૃઢ પાયો થવાનો ઉપાય - ગુણગ્રાહક દૃષ્ટિ. (લો. ૫)

જ. જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી, પોતાનો દેહ ઈત્યાદિક સર્વેમાંથી પણ ગુણ લીધા. એવી રીતે સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે.

૩. સર્વ સાધનના ફળરૂપ તો આ સત્સંગ છે. (ગ.અં. ૨)

જ. જેમ કોઈક ગૃહસ્થ હોય તેને પોતાની માતા, બોન અથવા દીકરી અતિ સ્વરૂપવાન હોય, તેને જોઈને જો ભૂંડો ઘાટ થઈ જાય તો પછી તેની કેવી દાઝ થાય ! તેવી દાઝ જ્યારે સત્સંગ વિના બીજું પદાર્થ પ્રધાન થાય ત્યારે થઈ જોઈએ. અને જ્યારે એવી દાઝ અયોગ્ય પદાર્થના સંકલ્પને દેખીને ન થાય તેના હૃદયમાં તો સત્સંગ પણ પ્રધાન ન રહે. અને સર્વે સાધનના ફળરૂપ તો આ સત્સંગ છે.

૪. 'પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય અને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.' (વર. ૫)

જ. બીજા સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકને જ શરણે આવ્ય તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ, તું શોક મા કર્યા.' અને એવો જે ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય, તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય અને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.

૫. હડકાયા શ્વાનનું દૃષ્ટાંત અને સિદ્ધાંત. (ગ. અં. ૧૨)

જ. ભગવાન તથા ભગવાનના ભક્ત તેનો જેને અવગુણ આવ્યો હોય ને તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો. જેમ હડકાયા શ્વાનની લાળ જેને અડે તેને પણ હડકવા હાલે; તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તે સાથે જે હેત રાખે અથવા તેની વાત સાંભળે, તો તે હેત કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય.

પ્ર.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)

૧. દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે, તે એ માયાને ટાળવી અને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય અને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી, એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે. તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો. **(ગ.અં. ૩૯)** (૨૯)

૨. ધર્મ સંબંધી સાધનમાં તો એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન આવે અને ભગવાન સંબંધી તો એ સાધન છે જે નિશ્ચય રહે તો સર્વે આવે. **(લો. ૬)** (૩)

૩. માટે સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થયાનું પણ એ જ સાધન છે. **(વર. ૧૧)** (૧૦)

૪. જેમ વજ્રની પૃથ્વી હોય તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઊખડે નહિ, તેમ ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. **(ગ.અં. ૭)** (૧૫)

૫. માટે પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરના ચરણારવિંદને પામવાને ઈચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ ત્યાં પેસવા દેવા નહિ. **(ગ.અં. ૯)** (૧૬)

પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)

૧. સત્સંગ : ૧. (લો. ૫) જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી, પોતાનો દેહ ઈત્યાદિક સર્વેમાંથી પણ ગુણ લીધા. એવી રીતે સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ **સત્સંગ**માં દૃઢ પાયો થાય છે. અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તો પણ એનો દૃઢ પાયો નથી. (૨) **૨. (ગ.અં. ૨૧)** જેમ સોનાનો દોરો કર્યો હોય તે છયે ઋતુમાં સરખો રહે પણ ઉનાળાને તાપે કરીને ઢીલો થાય નહિ, તેમ જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે **સત્સંગ**માંથી મન પાછું હઠે નહિ એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે સગાંવહાલાં છે ને તે જ અમારી નાત છે. (૨૪) **૩. (ગ.અં. ૨૧)** આ **સત્સંગ** છે તે તો અલૌકિક છે અને જેવો શ્વેતદ્વિપ, વૈકુંઠ, ગોલોક તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જ આ સર્વે સત્સંગી છે. અને અમે તો જેવા સર્વથી પર જે દિવ્ય અક્ષરધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જો આ સત્સંગીને ન જાણતા હોઈએ, તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે. (૨૩)

૨. પ્રત્યક્ષની નિષ્ઠા : ૧. (ગ.અં. ૨) તે શ્રુતિમાં કહ્યું છે જે, જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો **પ્રત્યક્ષ** ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે. (૧૨) **૨. (ગ.અં. ૨)** જ્યારે આવો સંત સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો **દેહ છતાં જ મળ્યા** છે. માટે જેને પરમ પદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે. (૧૩) **૩. (ગ.અં. ૧૬)** અને **જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન** પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ. (૨૧) **૪. (ગ.અં. ૩૮)** દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્‌ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું. (૨૮)

(વિભાગ : ૨ 'સનાતન ધર્મ અભિગમ' ચતુર્થ આવૃતિ, જુલાઈ, ૨૦૦૬ના આધારે)

નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે. (૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રસંગો માન્ય ન ગણાય. (૪) આ નોંધ પ્રશ્ન-૪, પ્રશ્ન-૫ અને પ્રશ્ન-૬ માં સરખી જ લાગુ પડશે.

પ્ર.૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)

☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.

૧. આહારશુદ્ધિ અંગે શ્રીજીમહારાજની રુચિ.

૧. પૂર્વભૂમિકા. ૩૦-૩૧

૨. ગ.પ્ર. ૧૮ વચનામૃતમાં વર્ણવેલ વાતાવરણની અંતઃકરણ પર થતી અસર. ૩૩

૩. પાંચ જ્ઞાનેન્દ્રિયોની સૂક્ષ્મ અસર અંતઃકરણ પર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ - ભૂંડાને યોગે ભૂંડા અને ભગવાન કે સંતને યોગે સારા. (સંપૂર્ણ વર્ણન પરીક્ષાર્થી ઉપર અવલંબે છે.) ૩૨-૩૩

૪. સ્થૂળ અને સૂક્ષ્મ બંને પ્રકારના આહારની શુદ્ધિથી જ સત્ત્વશુદ્ધિ સાંપડે છે. ૩૪

૫. ઉપસંહાર ૩૩થી૩૫

૨. મૂર્તિના પ્રકારો અને મૂર્તિપૂજાની રીત.

૧. મૂર્તિના પ્રકારો : ૧. મૂર્તિના પ્રકારો અને તે માટેનો શ્રીજીમહારાજનો અભિપ્રાય. ૯૬-૯૭

૨. મૂર્તિપૂજાના સમર્થનના દૃષ્ટાંતો નરસિંહ મહેતા - દામોદરની મૂર્તિ, મીરાંબાઈ - રણછોડરાય - ચૈતન્ય મહાપ્રભુ - જગન્નાથ, એકલવ્ય - દ્રોણાચાર્ય, રામચંદ્ર - રામેશ્વર શિવલિંગ - રામપ્રતાપભાઈ - વરતાલ હરિકૃષ્ણ મહારાજ, પ્રેમાનંદ સ્વામી - ગોપીનાથજી, જીવુબા - ઉપાસ્ય મૂર્તિમાંથી પ્રગટ ભગવાન, યોગીજી મહારાજ હસ્તે હરિકૃષ્ણ મહારાજ થાળ જમતા, પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત સાંકરી મંદિરમાં શ્રીજીમહારાજ અન્નકૂટનો થાળ પ્રતિ વર્ષ જમે છે. ૯૯

મૂર્તિપૂજાની રીત : શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ થકી પૂજાવિધિનો અભ્યાસ - ગુરુમંત્રનો જપ - પ્રતિમાનું સ્થાપન - ભગવાનની મૂર્તિની સ્મૃતિ સાથે મંત્રજાપ - નેત્રે જોયેલી પ્રતિમાને હૃદયમાં ઉતારવાનો પ્રયત્ન - સિદ્ધિ માટે યોગદર્શન શાસ્ત્ર અને ગીતામાં બતાવેલા બે ઉપાયો : અભ્યાસ અને વૈરાગ્ય - શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં બતાવેલ રીત - પ્રાતઃકાળે ઊઠવાથી નિત્યકર્મ - દિશા સૂચન - તિલક - માનસી આહ્‌વાન મંત્ર - મૂર્તિ સ્થાપન - ધૂપ, દીપ, નૈવેદ્ય અર્પણ - મંત્ર જાપ - એકાગ્રતા - પ્રાર્થના - પ્રદક્ષિણા, દંડવત્, વિસર્જન મંત્ર. ૯૯-૧૦૦

૩. સ્વામિનારાયણ સંપ્રદાયમાં બ્રહ્મચર્યનું સ્થાન : (૪૨,૬૪,૬૫,૬૬,૬૭) (૧) મહર્ષિ યાજ્ઞવલ્કય કહે છે : कायेन मनसा वाचा सर्वावस्थासु सर्वदा । सर्वत्र मैथुनत्यागो ब्रह्मचर्यं प्रचक्षते ॥ અર્થાત્ શરીર, મન અને વચનથી સર્વ સ્થાને અને સર્વ સ્થિતિમાં મૈથુનથી સદા બચતા રહેવું તે બ્રહ્મચર્ય છે. **(૨)** શ્રીજીમહારાજે પણ નાની ઉંમરથી જ ઉગ્ર તપ કરી આ સાધન સિદ્ધ કરવા સાધક જેવા પ્રયત્નો પણ કર્યા છે. પોતે જ વચનામૃતમાં જણાવે છે કે વીર્ય પરસેવા દ્વારા બહાર નીકળે છે એવું સાંભળ્યા પછી વીર્યને ઊર્ધ્વ રાખવા બે પ્રકારની જળબસ્તિ ને કુંજર ક્રિયા શીખ્યા, કામને જીતવાના આસનો પણ શીખ્યાં હતાં. એવા સાધન કર્યા કે શરીરમાંથી પરસેવો જ નીકળે નહિ. **(૩)** સ્ત્રી-પુરુષના સંસર્ગની મર્યાદાનાં બીજ ભગવાન સ્વામિનારાયણના માતાપિતા અયોધ્યામાં રહેતા હતા તે સમયથી રોપાયાં હતા. મુમુક્ષુ સ્ત્રીઓએ ધર્મદેવને પ્રાર્થના કરી, 'અમને ઉપદેશ આપો. અમારે તમને ગુરુ કરવા છે.' ધર્મદેવ અતિ સમર્થ, નિર્વિકાર ને નિર્લેપ હતા, છતાં ભવિષ્યમાં અંધપરંપરા ન ચાલે તે હેતુથી સર્વે યુવતીજનોને ભક્તિદેવીનું ગુરુપણું સ્વીકારવા સૂચન કર્યું. લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમની દિવાલમાં એક ગોખલો હતો. જેના દ્વારા બાજુના ઘરની સ્ત્રી પાસેથી સંતો અવારનવાર દેવતા કે બીજી જરૂરી વસ્તુની આપલે કરતા. નીલકંઠવર્ણીને આ છિદ્ર ધર્મમાં લાગ્યું ને ગોખલો પુરાવી દીધો. સ્ત્રી-પુરુષોની નોંખી સભા વ્યવસ્થા શરૂ કરાવી. **(૪)** આશ્રમમાંથી સ્ત્રીઓનો જવા-આવવાનો રસ્તો પણ નિષ્કામધર્મની દૃઢતાવાળા નીલકંઠવર્ણીએ જ બંધ કરાવી દીધો હતો. **(૫)** શ્રીજીમહારાજ કહે છે 'અમે અક્ષરધામમાંથી સુગાળવા આવ્યા છીએ, તે અમારી સૂગ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી જુદા રહેશે.' શ્રીજીમહારાજે ભક્તો-સંતો માટે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે 'અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ અને જાણીને સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. (શિક્ષાપત્રી-૧૭૫) અને પોતાના

બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય એવું જે વચન તે તો પોતાનું ગુરુનું પણ ન માનવું... (૧૮૦) છતાં એમાં અતિરેક નિવારવા માટે એમણે ઉમેર્યું : 'અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણનાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી.' (૧૮૨) **(૬)** બ્રહ્મચર્યને સંપ્રદાયમાં પ્રાણ સમો ધર્મ માનેલો છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં ૪૩માં પ્રકરણમાં લખ્યું છે કે 'તે બ્રહ્મચર્ય છે બ્રહ્મસ્વરૂપ, કહ્યું સનત્સુજાતે અનૂપ'. અષ્ટાંગ બ્રહ્મચર્યનો મહિમા બ્રહ્મની તોલે મૂકી દીધો. **(૭)** શ્રીજીમહારાજ લો.૬ માં કહે છે : 'આપત્કાળ હોય ને સર્વે જાય, પરંતુ ધર્મસંબંધી સાધનમાં તો એક નિષ્કામપણું હોય તો સર્વ સાધન આવે. **(૮)** એક નિષ્કામી વર્તમાન(બ્રહ્મચર્ય) દૃઢ હોય, તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહેતું નથી. અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહિ... અને જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ. અને જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચપ છે ને તે જો અમારી પાસે રહે છે તો પણ તે લાખ ગાઉ છેટે છે અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે.... અને અમે જે જે વાર્તા કરીએ છીએ, તેને વિષે પણ નિષ્કામી વર્તમાનનું જ અતિશય પ્રતિપાદન થાય છે. અને અમે જે દિવસ થકી પ્રગટ થયા છીએ તે દિવસ થકી નિષ્કામી વર્તમાનને જ અતિશય દૃઢ કરતા આવીએ છીએ.

(વિભાગઃ ૩ ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૨, ૩, ૪ પાંચમી આવૃત્તિ એપ્રિલ - ૨૦૦૫ના આધારે)
(ભાગ-૨ ઉદ્‌ગીથ ૧૧,૧૪,૧૭,૧૯,૨૦,૨૫,૨૬,૨૮)
(ભાગ-૩ ઉદ્‌ગીથ ૧, ૨, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૪ , ૧૫, ભાગ-૪ ઉદ્‌ગીથ ૩, ૪)

પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)

☞ જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.

૧. ડભાણમાં મહાયજ્ઞ (ઉદ્‌ગીથ - ૨, ભાગ - ૩)

૧.	આધોઈમાં રાયઘણજી, જેમલજી, હિન્દુજીને ડભાણના મહાવિષ્ણુયાગમાં આવવાની મહારાજે કરેલી આજ્ઞા.	૩/૩૩
૨.	જેમલજીની પુત્રી અને કરણીબાને ડભાણની લીલાના દર્શન અહીં બેઠા કરાવવાનું મહારાજનું વચન.	૩/૩૩
૩.	હળવદમાં એકમણ જેટલી સામગ્રી મહારાજ જમી ગયા પછી શિવશંકર જાનીને ત્યાં થાળ જમ્યા.	૩/૩૪
૪.	મેથાણમાં પૂજાભાઈના દરબારમાં આવેલા હરિભક્તોને ડભાણ યજ્ઞમાં આવવાનું મહારાજે આપેલું આમંત્રણ.	૩/૩૪
૫.	જેતલપુરમાં સૌને ડભાણના યજ્ઞમાં આવવાની આજ્ઞા કરી.	૩/૩૭
૬.	વડતાલ, બામરોલી, શેલડી, સંજાયા વગેરે ગામના હથિયારબંધ માણસો તથા કાઠી હરિભક્તો સુરક્ષાની સેવા માટે.	૩/૩૮
૭.	અમે કહ્યે બાપો ન ઓળખાય. એ તો બીજાની સાખ્યે ઓળખાય ! જાલમસિંહ બાપુને.	૩/૪૦
૮.	ડભાણ યજ્ઞમાં આવેલા સંતો હરિભક્તોના સંઘ મહારાજની આજ્ઞાથી હાથરોલીમાં આવ્યા.	૩/૪૦
૯.	તપ એ સંતોનું આભૂષણ છે. આ દેહ તો મિથ્યા છે. તેનું દમન કરી જે અમને પ્રસન્ન કરવા તપ કરે તેના ઉપર અમે ઘણા જ રાજી છીએ - મહારાજ સંતોને.	૩/૪૧
૧૦.	દેહ એ મોક્ષનું સાધન છે. માટે દેહને જાળવવું પણ ખરું પરંતુ તેને ભોગનું સાધન ન સમજવું. આટલું સમજી-વિચારીને તપ કરશો તો ઘણું તપ કર્યું ગણાશે - ત્રણ દિવસથી અન્ન ને પાણી લીધા વગર તપ કરતાં સંતને મહારાજ.	૩/૪૧
૧૧.	ડભાણના મહાવિષ્ણુયાગના રક્ષણ માટે જાલમસિંહ બાપુને તેમના હજાર-પંદરસો માણસોને લઈને આવવાની આજ્ઞા.	૩/૪૩
૧૨.	દાદાખાચર મહારાજની પૂજા કરે છે.	૩/૪૫
૧૩.	રોઝાને કૂંડાળે નાખ્યો.	૩/૪૮
૧૪.	યજ્ઞ માટેની સામગ્રી કેવી રીતે આવી ? એ કામ કરનાર ભગવાન બીજા અને આ પૂછનાર ભગવાન બીજા ?	૩/૫૦,૫૧
૧૫.	યજ્ઞનો પ્રારંભ.	૩/૫૧
૧૬.	યજ્ઞના મુખ્ય યજમાનો.	૩/૫૨
૧૭.	આટલી બધી સામગ્રી મોકલે છે કોણ ?	૩/૫૩
૧૮.	વડતાલનો જોબનપગી ઘોડા ચોરવા આવે છે.	૩/૫૪

૧૯. વામી બ્રાહ્મણોના મનસૂબા. ૩/૫૫
૨૦. ઘીના ખાલી કુંડલામાં ઘી છલોછલ ભરેલું દેખાયું. ૩/૫૬
૨૧. વામી બ્રાહ્મણોના મનસૂબા અધૂરા રહ્યાં. ૩/૫૮
૨૨. સ્વામિનારાયણીય ભક્તિ. ૩/૫૯
૨૩. કાલનો દિવસ અપૂર્વ છે. ૩/૬૦
૨૪. જોબનપગીને આગળ બોલાવો. ૩/૬૧
૨૫. આજે ભક્ત જોબન જન્મે છે. ૩/૬૨
૨૬. ધર્મ એ ન્યાત, જાત કે ઊંચ-નીચની ગણના કરવાનો વાડો નથી. ૩/૬૨
૨૭. જોબનનું અંતર બોલતું હતું. ૩/૬૨
૨૮. પ્રભાતગરને મહારાજના સ્વરૂપનો નિશ્ચય. ૩/૬૩
૨૯. અનાદિ અક્ષરબ્રહ્મને ભાગવતી દીક્ષા અપાય છે. ૩/૬૫
૩૦. શતાનંદ મુનિનું આગમન. ૩/૬૭

૨. શ્રી હરિનાં ચરિત્રો દ્વારા વ્યક્ત થતું સર્વોપરીપણું.

૧. બાપુ એભલ ખાચરના દરબારમાં લાડુદાનજીના સંકલ્પો પૂરા કર્યા. ૨/૧૩૯
૨. 'આજની ઘડી રે ધન્ય.....' ૨/૧૩૯
૩. લાડુદાનજીને સમાધિમાં સર્વોપરિ સ્વરૂપનું દર્શન. ૨/૧૪૦
૪. કાનદાસનો સંશય, 'મહારાજને ભગવાન કેમ કહેવાય ?' તેનો અનુભવ શ્રીહરિએ કરાવ્યો અને તેમને મહારાજ સર્વ અવતારના અવતારી મનાયા. ૨/૧૯૭
૫. વરતાલ તળાવ પર કાઠીઓને શ્રીહરિના પ્રતાપની અનુભૂતિ 'મહારાજના સંકલ્પમાં અનંત અવતારો અને તેના પાત્રોને પ્રગટ કરવાની શક્તિ છે.' વાંદરાએ માળા ફેરવી. ૨/૨૦૭
૬. 'અમે મહેતાજીના ગુરુ છીએ.' નરસિંહ મહેતાના ઓટે બિરાજેલા મહારાજ બાવાને - બાવાને મહારાજના સર્વોપરિ સ્વરૂપનાં સમાધિમાં દર્શન. ૨/૨૫૫
૭. બાવા-વૈરાગીઓ તરફથી પડતી મુશ્કેલીઓ નિવારવા માટે મહારાજે કાલવાણીમાં એક સાથે બધા સંતો-પરમહંસોને દીક્ષા આપી. ૨/૨૬૦
૮. મહારાજના એક પત્રથી અઢાર જણાએ ઘર છોડ્યું. પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી અને અર્જુનને જ્ઞાન આપ્યું તો પણ ઘર છોડવું કઠણ પડ્યું. ૨/૩૦૪-૩૦૫
૯. ભૂગોળ-ખગોળ સંબંધી પત્ર મહારાજ લખાવે છે. ૨/૨૨૮
૧૦. દાદા ખાચરના બીડનું માહાત્મ્ય - પૃથ્વી માત્રનું મસ્તક, વૈરાટાદિક મોટા ઈશ્વરોને ઠરવાનું ઠામ - મહાસિદ્ધોને રહેવાનું સ્થાન, અમારા સંબંધે આ ભૂમિનો મહિમા વધશે. ૨/૨૨૯
૧૧. 'હી નિંગરો તો નંદજીનો પુત્ર કનૈયો આય અને બ્રહ્મ-પરબ્રહ્મ પણ હી આય. હીંજી ઉપર વડો જ્યો પરબ્રહ્મ નાય !' ખૈયા ખત્રીની માએ પ્રશ્નોત્તરમાં ઓળખેલા પરબ્રહ્મ. ૨/૩૨૩
૧૨. 'આ અમારો ખૈયો મેરુ જેવડો તે ડગ્યો અને તેની હારે આ પથરો પણ ડગ્યો.' વાંઝા ભગત. ૨/૩૨૪-૩૨૫
૧૩. કચ્છ-ભૂજમાં અન્નકૂટોત્સવ વખતે સિંહાસનમાં બિરાજેલ ઠાકોરજીની મૂર્તિ શ્રીહરિના સ્વરૂપમાં લીન થતી સૌએ જોઈ. ૨/૩૨૮
૧૪. પ્રથમ ડભાણથી મંડાણ કર્યું. રાતમાં જ નિર્ણય કરી બીજે દિવસે જેતલપુરમાં મહારાજે શરૂ કરેલી ચોરાસી અને યજ્ઞ. ૨/૪૧૧
૧૫. જેતલપુરની વેશ્યાને ઘઉં દળવા આપી પાવન કરે છે. ૨/૪૧૮-૪૧૯
૧૬. જેતલપુર મહારુદ્રમાં : નાનાભાઈ ! આજે તો કલ્યાણના વાવટા અમે છૂટા મૂક્યાં છે. પ્રગટનો પ્રતાપ એવો બળવાન છે. ૨/૪૧૩
૧૭. મહેમદાવાદમાં નથુ ભટ્ટના ઘરમાં મુક્તાનંદ સ્વામીને 'કાળે પણ વિષમતાધારી મર્યાદા લોપી છે. તેથી આજે કાળની પણ સાન ઠેકાણે લાવવી છે.' ૨/૪૬૮
૧૮. સંતોને - 'મારી મરજી વિરુદ્ધ ચાલે છે તેને હું પ્રતિકુળ બનું છું. કાળને મારે આજે ડામવો છે.' - લોલંગર માટે. ૨/૪૭૦
૧૯. શ્રીનગરના હરિભક્તોએ કરેલી સ્તુતિનો પ્રતિભાવ આપતા મહારાજ, 'અમારા આવા સામર્થ્યની અમને ખબર ન હતી.' ૨/૪૭૦-૪૭૧

૨૦. ‘આ મૂર્તિનું ભજન કરીને અનેક મુમુક્ષુઓ અક્ષર મુક્તની પંક્તિમાં ભળી ગયા છે.’ - લોલંગરની ઉપાધિ જોઈ રામદાસ સ્વામીને થતાં સંકલ્પોનો મહારાજે આપેલો જવાબ. ૨/૪૭૨

૨૧. ‘મને તો મારા આત્માનું જ્ઞાન થઈ ગયું અને એ આત્માએ આપનું - ભગવાનનું સ્વરૂપ ઓળખાવી દીધું.’ ભાવસાર મુમુક્ષુ. ૩/૨

૨૨. ભીમાસરમાં ગરાસિયાને મહારાજે પોતાના સ્વરૂપમાંથી ચોવીસ અવતારના દર્શન કરાવ્યાં. ૩/૨-૩

૨૩. હમીર સરોવરમાં દિવ્ય દર્શન - ઊંડા જળમાં અદૃશ્ય થઈ ગયેલા મહારાજ તેજના પ્રવાહમાં અનંત મુક્તોથી વીંટળાયેલા છે તેવા દર્શન થયાં. ૩/૨૦-૨૧

૨૪. ‘અમે તો સર્વોપરિ પુરુષોત્તમ નારાયણ છીએ.’ રાઠોડ ધાંધલના પ્રાંગણમાં આનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને. ૩/૨૨૪

૨૫. કુંડળના રાઈબાઈને ‘અમારા પિંડને અને બ્રહ્માંડને એકતા છે.’ તપસ્વી વેશનો ત્યાગ કરી દુષ્કાળને વિદાય કર્યો. ૩/૨૬૮

૩. શ્રી હરિએ કરેલ સમાજની કાયાપલટ.

૧. મૂળુ ખાચરે લીધેલા શરતી વર્તમાન. ૨/૧૯૫

૨. મહારાજ સાથે સત્સંગ માટે મૂળુ ખાચર ગુજરાત તરફ. ૨/૧૯૬

૩. ઓલ્યો હોકાવાળો સત્સંગી નથી. મૂળુ ખાચરે છોડેલો હોકો. ૨/૧૯૬

૪. મૂળુ ખાચરે છોડેલું અફીણ. ૨/૨૦૬

૫. આતતાયીઓ આગળ અહિંસા એ નામર્દાઈ છે. ૨/૨૦૩-૨૦૪

૬. ધર્મ કરવાને અર્થે પણ ચોરી ન કરવી. ૨/૨૦૪

૭. ત્યાગનું સાચું સ્વરૂપ. ૨/૩૦૫

૮. જગજીવનના યજ્ઞમાં પશુ હિંસાનો શ્રીહરિએ કરેલો નિષેધ. ૨/૩૧૧

૯. જેતલપુરની વેશ્યા પાવન બને છે. ૨/૪૧૮થી૪૨૧

૧૦. ગણિકા મહારાજને આમંત્રણ આપે છે. ૨/૪૨૯

૧૧. પડી વસ્તુ કોઈની હાથ ન ઝાલે રાજ. ૩/૧૨

૧૨. જોબન પગીને આગળ બોલાવો. ૩/૬૧

૧૩. જોબન ભક્ત આજે જન્મે છે. - ધર્મ એ ન્યાત-જાત કે ઊંચ-નીચની ગણના કરવાનો વાડો નથી. જોબનના નિયમ-ધર્મ-કાયાપલટ. ૩/૬૨-૬૩

૧૪. તમારામાં મૂર્તિને ઊંચકવાનું બળ આવશે. ૩/૧૧૫

૧૫. લાલદાસ મહારાજને નમે છે. ૩/૧૨૪ થી ૧૨૬

૧૬. વાસુર ખાચર ભક્ત બને છે. રાજા અને પ્રજા બંનેને મહારાજ ધર્મ તરફ વાળે છે. અનીતિ છોડાવે છે. ૩/૧૩૩

૧૭. અહીં સ્ત્રી - પુરુષના ભેદ શું ? સનાતન પ્રણાલી સ્થાપવાનો અને તેને અભંગ આચરવાનો આદેશ મહારાજની વાણીમાં. ૩/૨૨૧

૧૮. વાણીનો દોષ - સોમબા ફઈ મહારાજને મનાવવા જાય છે. ૩/૩૫૨ થી ૩૫૫

પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

૧. ઈડરિયો ગઢ જીત્યા.

૧. સામરખામાં આણંદના હરિભક્તો મહારાજને આમંત્રણ આપવા આવ્યા. ૪/૪૬

૨. દ્વેષી લોકો ઉપાધિ કરશે તેવું મહારાજે કહ્યું છતાં ભક્તોનો હઠાગ્રહ. ૪/૪૭

૩. મહારાજે કરેલી સભા - ક્ષમારૂપી ખડગથી ભૂમિનો ભાર ઉતારવાની આગાહી. ૪/૪૭

૪. મુકુંદાનંદવર્ણીએ કરેલી આગાહી. ૪/૪૮

૫. વલ્લભ મંદિરના કારભારીઓ દ્વારા વિરોધનો વંટોળ. ૪/૪૮

૬. ગામમાં પેસતાં પહેલાં મહારાજે કરેલી વ્યૂહ રચના. ૪/૪૯

૭. સંતોની સ્થિતપ્રજ્ઞ સ્થિતિ. ૪/૫૦

૮. ‘કોઈ પણ જો શસ્ત્રનો ઉપયોગ કરશે, તો તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી ગણાશે’ મહારાજની હાકલ. ૪/૫૦

૯. ભગુજીનો શાપ. ૪/૫૧
૧૦. વરતાલ સભામાં મહારાજ 'આજે આપણે સૌ જીતીને આવ્યા.' ૪/૫૧
૧૧. મહારાજે આપેલી ધીરજ અને જ્ઞાનનું જાણપણું આપી દીધું. ૪/૫૨

૨. નિર્વિકલ્પાનંદની ઈર્ષા અને શ્રીજીમહારાજની ઉદાસીનતા.

૧. વડોદરામાં મુક્તાનંદ સ્વામીના વિજયથી મહારાજ પ્રસન્ન થાય છે. ૪/૬૫
૨. મહારાજે સાકર મંગાવી વહેંચી - અમને મોકલ્યા હોત તો અમે પણ દિગ્વિજય કરીને આવત - નિર્વિકલ્પાનંદ અને હર્યાનંદ. ૪/૬૬
૩. અમે હવે આ સત્સંગમાં રહીશું નહિ. - મહારાજ. - મહારાજે બસો જોડ ચરણારવિંદ પાડીને આપ્યા. ૪/૬૭
૪. મહારાજ ઉદાસ થાય છે - આદરજમાં અન્નકૂટ. ૪/૬૮-૬૯
૫. અમે હવે સત્સંગમાં રહેવાના નથી. ૪/૭૯
૬. સત્સંગમાં સંતોને પરસ્પર બરોબરિયાપણું રહે છે એટલે અમે ઉદાસ થયા છીએ. ૪/૮૦
૭. આદરજમાં અન્નકૂટોત્સવ. ૪/૮૧
૮. સત્સંગમાં નિયમનની જરૂર છે. ૪/૮૪
૯. મહારાજ મુક્તાનંદ સ્વામીને પોતાની પાટ ઉપર બેસાડે છે. ૪/૮૫

૩. વાણીવિવેકના આગ્રહી શ્રીજીમહારાજ.

૧. વાણીનો દોષ - સોમબા ફોઈના અપશબ્દો સાંભળી મહારાજે ઉદાસ થઈ ગઢપુર ત્યાગનો કરેલો નિર્ણય. ૩/૩૫૩
૨. સોમબા ફોઈ મહારાજને મનાવવા જાય છે. ૩/૩૫૪,૩૫૫
૩. મહારાજ દરબારમાં પાછા આવ્યા પણ ઉદાસી મટી નહિ. ૩/૩૫૫
૪. અમે અક્ષરધામમાંથી અહીં આવીને રસ્તા અને પાળો સરસ બનાવી છે પણ સ્વભાવ અને અંતર દોષોએ રસ્તામાં ખાડા પાડી દીધા છે. ૩/૩૫૬
૫. 'રજોગુણનો વેગ હોય એટલે કથાવાર્તામાં સુખ ન આવે' ઈષ્ટદેવ જયારે એવા ભાવ ગ્રહણ કરે ત્યારે શિષ્યોમાં પણ દેખાય.' - બ્રહ્માનંદ સ્વામી. ૩/૩૫૭
૬. 'લગાડી તેં પ્રીતિ લાલ રે......' મહારાજે પાઘ આપી. ૩/૩૫૭
૭. 'વજાડી તેં બંસી કાન રે......' મહારાજે ખેસ આપ્યો. ૩/૩૫૭
૮. 'માવ તમારું મોળિયું.......' મહારાજે અંગરખું આપ્યું. ૩/૩૫૮
૯. 'નેણ તમારાં નાથજી, છે છેલા રે રાતાં ચોળ.......' 'અમારાં લોચન હજુ આકરાં દેખાતાં હોય તો લ્યો આ રૂમાલ' - મહારાજે આપેલો રૂમાલ. ૩/૩૫૮
૧૦. 'કોઈ વસ્ત્ર તો લાવો. બ્રહ્માનંદ સ્વામીએ તો સાવ લૂંટી લીધા.' - મહારાજ ૩/૩૫૮

૪. કુશળકુંવરબાની ભક્તિ.

૧. પ્રગટ ભગવાન કાંડું પકડશે ત્યારે કલ્યાણ થશે. ૩/૩૯૯
૨. ધરમપુરમાં મહારાજનું ભવ્ય સ્વાગત. ૩/૪૦૩
૩. ભક્તો પહેલાં મહારાજ પછી. ૩/૪૦૫
૪. આપ અનંત અવતારોનું મૂળ છો. ૩/૪૦૫
૫. મેં તમારો અપરાધ કર્યો છે. ૩/૪૦૭
૬. રાજમાતાએ મહારાજને શણગાર કર્યો. ૩/૪૧૧
૭. તમને અણીશુદ્ધ ચોખ્ખા કરવા છે. ૩/૪૧૪
૮. હું જ મહારાજને જમાડવા આવું છું. ૩/૪૧૭
૯. આ રાજમાતા સાક્ષાત્ અન્નપૂર્ણા છે. ૩/૪૧૮
૧૦. અમારું અંતર્યામીપણું કામમાં ન આવ્યું. ૩/૪૧૯
૧૧. મહારાજની મૂર્તિ રાણીના અંતરમાં વસી ગઈ. ૩/૪૨૪થી૪૨૬
૧૨. અનિર્દેશ તે કયો દેશ છે ? ૩/૪૨૭
૧૩. મહારાજ ! આપ આ રાજ્ય ન સ્વીકારો ? ૩/૪૨૮
૧૪. કુશળકુંવરબાને શ્રીહરિના સંબંધે ભક્તોનો-સંતોનો મહિમા ૩/૩૯૬, ૪૦૩, ૪૦૮, ૪૧૭ થી ૪૧૯

❑ ❑ ❑